ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમની સીધા ધિરાણની યોજના હેઠળ લાભાર્થીઓની પસંદગી માટેની સમિતિની રચના કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ SCW- ૧૦૧૭-૧૮૯૬-ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૩-૨-૨૦૧૭.

વંચાણે લીધાઃ-

(૧) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૫-૫-૨૦૦૮ ના ઠરાવ ક્રઃ- અવક-૧૩૦૪-૧૫૮૭-જ.

(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૪-૨-૨૦૧૨ ના ઠરાવ ક્રઃ- અવક-૧૩૦૪-૧૫૮૭-૪૫૪૩૬૬-(૧૧) જ.

(૩) ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના પ્રશ્નો માટે તા.૨-૧-૨૦૧૭ના રોજ માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અધ્યક્ષપદે મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

ઠરાવઃ-

ઉપરોકત વંચાણે લીધા ક્રમ-૧ થી સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળના નિગમોની સીધા ધિરાણની યોજના હેઠળ લાભાર્થીઓની પસંદગી માટે કાર્યપધ્ધતિ નિયત કરવા સમિતિની રચના કરવામાં આવેલ હતી.

૨. વંચાણમાં લીધા ક્રમ-૨ થી અનુસૂચિત જાતિ વિકાસ નિગમના સીધા ધિરાણની યોજના હેઠળ લાભાર્થીઓની પસંદગી કરવા માટે સમિતિની પુનઃરચના કરવામાં આવેલ છે. જેમાં ક્રમ-૧ અને ક્રમ-૨ સામે નિગમના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના નામોનો સમાવેશ કરવામાં આવેલ છે.

3. ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમના પ્રશ્નો માટે તા.૨-૧-૨૦૧૭ના રોજ માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અધ્યક્ષપદે મળેલ બેઠકની કાર્યવાહી નોંધના મુદ્દા નં.૩ પરત્વે ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમની સીધા ધિરાણની યોજના હેઠળ લાભાર્થીઓની પસંદગી સમિતિમા અધ્યક્ષશ્રી તેમજ ઉપાધ્યક્ષશ્રીનો સમાવેશ કરવા અંગેનો નિર્ણય કરવામાં આવેલ છે. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.



ઇનવર્ડ ૫૨૦
તારીખ 13/2/17

(125)

૪. પુખ્ત વિચારણાને અંતે ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમે સીધા ધિરાણની યોજના હેઠળ લાભાર્થીઓની પસંદગી માટેની સમિતિની આથી રચના કરવામાં આવે છે. જે નીચે મુજબ છે.

| ક્રમ | અધિકારીશ્રીનો હોદ્દો | સમિતિમાં હોદ્દો |
|---|---|---|
| ૧ | નિગમના અધ્યક્ષશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨ | નિગમના ઉપાધ્યક્ષશ્રી | સભ્યશ્રી |
| ૩ | નિગમના મેનેજીંગ ડીરેકટરશ્રી | કન્વીનર |
| ૪ | વિભાગના સંયુકત સચિવ/નાયબ સચિવશ્રી (અ.જા.ક) | સભ્યશ્રી |
| ૫ | નાણા સલાહકારશ્રી(સા.ન્યા) | સભ્યશ્રી |
| ૬ | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ | સભ્યશ્રી |

આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રીની તા.૩/૨/૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( કમલેશ શાહ )
નાયબ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઇ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, સેકટર-૧૦/એ, ગાંધીનગર

<u>નકલ રવાના:</u>

માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર
અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી
વિભાગના સર્વે સંયુકત સચિવશ્રી/નાયબ સચિવશ્રી/ઉપ સચિવશ્રીઓ
કમિશ્નરશ્રી, વાહન વ્યવહારની કચેરી, ૬/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એન.એસ.એફ.ડી.સી., નવી દિલ્હી (નિગમ મારફત)
વિભાગની ચ, અ, અ.૧, જ, છ અને છ.૧ શાખાઓ
વિભાગ હસ્તકના સર્વે ખાતાના વડાઓ (નિગમ મારફત)
વિભાગ હસ્તકના સર્વે બોર્ડ/કોર્પોરેશનો (નિગમ મારફત)
પસંદગી ફાઇલ.